શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૯

અંક : ૭

## ગ્રામોધ્ધાર

આપણા આ ભારત દેશની અંદર હાલની પરીસ્થિતીએ છે કે નબળા એટલે કે ગરીબ લોકોનો પ્રશ્ન દિન પ્રતિદિન સ્ફોટક બની રહયો છે. એમાંયે ખાસ કરીને ગામડાઓની પરીસ્થિતી કથળી રહી છે. તેમને આજીવીકા માટેના અનેક પ્રશ્નો છે. જેના નિરાકરણ માટે વ્યવહારુ વલણ અપનાવવુ રહેશે. અને આ નબળા વર્ગોના આર્થિક વિકાસ માટે ઉપલબ્ધ એવી સાધન સામગ્રી  રોજગારી માટેની તકો તેમનો વિકાસ થાય તે માટે યોગ્ય અભિગમ લેવો આવશ્યક છે.

ગ્રામ્ય ગરીબ ખેત મજુર કે ટુંકી ખેતીની ધારણકર્તા તેમના ધંધામાંથી પુરતી આવક મેળવી શકતો નથી. તેમને પુરતા પ્રમાણમાં સંશાધનો ન  મળવાને કારણે આર્થિક સ્થિતી ખુબ જ કથળી રહી છે. આ કારણે તેઓની જમીન વેચાવા લાગી છે. અને તેઓ રોજગારી માટે શહેર તરફ વળ્યા છે. રોજગારીને લઈને શહેરની સ્થિતી પણ કઈ સારી છે. તેવુ નથી પરંતુ છતા તે તરફ લોકો વળી રહયા છે. જે એક ખતરાની ઘંટડી સમાન છે. જો આ માટે અપણે જાગૃત નહી બનીએ તો પરીસ્થિતી વધુ વિપરીત થશે.

આ બધી પરીસ્થિતીમાં આપણે વાતો કરીએ છીએ કે ભારત મહાસતા બનવા તરફ પ્રયાણ કરી દીધુ છે. પરંતુ ભારત મોટા ભાગે ગામડામાં વસેલ છે. અને ત્યાંની પરીસ્થિતી ઉપર મુજબ હોય તો વિકાસની વાત જ કયા રહી. જો સ્થાનિક કક્ષાએ રોજગારીના વિકલ્પો ઉભા થશે નહી તો ગરીબી હટશે નહી અને સ્થળાંતર વધશે. ખેતિ સાથે સંકળાયેલ વર્ગ, ગ્રામ્ય કારીગરો તથા તેના હસ્તકના અન્ય ગ્રામોદ્યોગ પડી ભાંગશે. લોકો શહેરમાં નહી જેવા વેતને મજુરી કરશે. તેમના બાળકોને પણ તેઓ આ કારમી વેઠમાં ઉતારતા અચકાશે નહી. શિક્ષણનું સ્તર છે તેના કરતા પણ ઘટશે અને  દેશ મહાસતા બને તે વાત લોકોના ગળે ઉતરતી નથી.

સહિયારા પ્રયાસથી વિકાસને આંબવા મથવુ પડશે. આ બધી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે ગ્રામોધ્ધાર તરફ વળવુ જ પડશે.

*એ જ માણસ સફળ થાય છે, જેનુ કામ એને હમેંશા આનંદ આપતુ રહે છે.*

**બાળ અધિકારો**

બાળકોના મુળભુત અધિકારોની વાત આપણે અહી કરીશુ. મુખ્યત્વે આપણા બંધારણમાં આપણને,

સ્વાતંત્રતાનો હક

શોષણ સામેનો હક

ધર્મ સ્વાતંત્રયનો હક

સાંસ્કૃતિક અને શૈક્ષણિક હકો આપવામાં આવ્યા છે જેમાં રાજયનિતિના માર્ગદર્શક સિધ્ધાંતોમાં કલમ નં ૪૫ માં બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણની જોગવાઈ છે. જેમાં આપણે બાળ અધિકારની વાત કરીએ તો

વિકાસનો અધિકાર

શોષણ સામે રક્ષણનો અધિકાર

જીવવાનો(આરોગ્યનો) અધિકાર

સહભાગીતાનો અધિકાર

આપણે ક્રમશઃ તે અધિકારો વિશે વાતો કરીશું. આપણે જાણીએ છીએ કે બાળકો તેમના અધિકારોને જાણતા નથી કારણ કે આપણે તેને તે જણાવ્યા નથી. હવે પ્રથમ આપણે આ વિશે માહીતી મેળવીએ અને આપણે જાગૃત બની આપણા બાળકોને તેના અધિકારો વિશે માહીતગાર કરીએ.

**વિકાસનો અધિકાર**

આપણા બંધારણની કલમ નં ૪૫ અનુસાર ૧૯૬૦ સુધીમાં તેમાં ૧૪ વર્ષ સુધીના બધા બાળકો સમાન શિક્ષણ મેળવી લેશે તેઓ ઉલ્લેખ છે.આ મુજબ બાળકને ૧૪ વર્ષ સુધીમાં ફરજીયાત શિક્ષણ મળવુ જોઈએ. પરંતુ આજ સુધી તે શકય બન્યું નથી. આના અમલીકરણ માટે ગુજરાત સરકાર પાસે ગુજરાત ફરજીયાત પ્રાથમિક શિક્ષણ કાયદો ૧૯૬૧ છે. આની જાણ બહુ ઓછા વાલીઓને હશે કેટલાક બાળકોને તેમના જન્મ તારીખના પ્રમાણપત્ર ન હોવાના કારણે શાળામાં પ્રવેશ મળતો નથી. પરંતુ જો બાળકના વાલી પોતાના બાળકની જન્મ તારીખની બાંહેધરી આપેલ પત્ર રજુ કરે તો શાળાએ આ બાળ કને શાળામાં પ્રવેશ આપવો પડે તેવી જોગવાઈ છે.

આ રીતે શિક્ષણએ જ વિકાસનો અધિકાર છે તેવુ કહી શકીએ. બાળકો માટે શાળા હોય તો બાળકોનો વિકાસ રૂંધાય નહી પરંતુ આપણને શાળા માટે બાળકો હોય તેવુ લાગ્યા કરે છે. બાળકો માટે તેમને મનગમતી શાળા આપણે ઉપલબ્ધ કરાવી શકયા નથી. પરંતુ સમાન શિક્ષણની જગ્યાએ અસમાન શિક્ષણ મળે એવી શાળાઓ ની જોગવાઈ જોવા મળે છે. જેમકે, વૈકલ્પિક શાળાઓ, પ્રાથમિક શાળાઓ અને નવોદય જેવી ગુણવતાસભર શિક્ષણ માટેની શાળાઓ.

(વધુ આવતા અંકે)

*લીધેલ નિર્ણય સાચા હોય તો દ્રઢતાથી વળગી રહો.*

**સંસ્થાના દ્વારેથી**

તા.૪/૭/૦૭ ના રોજ સજજતાસંઘની વાર્ષિક સાધારણ સભાનું આયોજન અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનમાં કરવામાં આવ્યુ હતુ. જેમાં શ્રી જગાવતજીની સજજતા સંઘના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી. બપોર પછી કેન્દ્ર સરકારના રાજયકક્ષાના આયોજન મંત્રીશ્રી એ.વી.રાજશેખર અને આયોજન પંચના સભ્ય શ્રી લલીતકુમાર સાથે તાજેતરમાં ધડાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓની રાષ્ટ્રિય નીતી અંગેની ચર્ચા કરવામાં આવી હતી.

**ન્યાય સમિતિ બેઠક**

માસ દરમિયાન મહીલા ન્યાય સમિતિની ૪ બેઠકો મળી. જેમાં સ્ત્રી અને હિંસાના અલગ અલગ અત્યાચાર જેવાકે શારીરીક માનસીક હિંસા, છેડતી, ભરણપોષણ મેળવવા મારમારી કાઢી મુકવી, મોટી ઉંમરના પુરૂષ સાથે પરાણે લગ્ન કરાવવા અંગેના ૮ પ્રશ્નો છેલ્લા એક માસ દરમ્યાન નોંધાયા છે. જેમાં ન્યાય સમિતિ દ્વારા ભાવનાબેન શ્યામજીભાઈ કોરાટ ગામ સમઢીયાળા તાલુકો ઉના ને માસીક રૂા. ૧૫૦૦ લેખે ભરણપોષણ અપાવી તેમજ પતીની મિલકતમાંથી હકક અપાવી ભાવનાબેનને યોગ્ય ન્યાય અપાવ્યો છે. તેમજ લાસા ગામના છેડતીના પ્રશ્નોમાં ગ્રામજનો, વાલીઓ, વિદ્યાર્થીઓ શાળા વગેરે સાથે રાખીને પોલીસ કાર્યવાહી કરવામાં આવી છે.

**મહીલા ગ્રામ સભા**

સ્ત્રી હિંસા વિરોધી કાર્યક્રમ અંતર્ગત તા. ૧૦/૧/૦૭ રોજ મહીલા ગ્રામ સભાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સ્ત્રીઓ પર થતી હિંસાઓને રોકવામાં પંચાયતની શુ ભુમિકા છે તે અંગે ચર્ચા કરી. બહેનોએ એક નોંધ તૈયાર કરી પંચાયતમાં મહીલાઓના અધિકાર માટે સંવેદનશીલ બને તે માટે કાર્યનીતી બનાવી પંચાયતની કારોબારીએ બહેનોના ઠરાવોને મંજુર કરી બહેનોના હકક માટે કાર્ય કરવા તેમજ દેખરેખ કમિટિને માન્યતા આપવામાં આવી હતી. જેમાં પંચાયતના પદાધિકારી, ન્યાય સમિતિના સભ્યો, પેરાલીગલવર્કરો, તેમજ સરપંચશ્રી જેરામભાઈ કોટડીયા ઉપસ્થિત રહયા હતા.

**ભારતીય પેરાલીગલ શિક્ષણ સંસ્થાન તાલીમ**

ભારતીય પેરાલીગલ શિક્ષણ સંસ્થાન દ્વારા તા. ૨૦/૭/૦૭ પેરાલીગલોની માન્યતા ઉભી કરવાની ચળવળ અને કાયદામાં લોક પેરવી દ્વારા પેરાલીગલની ભુમિકા ઉભી થાત તે હેતુસર ગુજરાતની મહિલા હિંસાના મુદે કામ કરતી સંસ્થાઓની મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં માનવ અધિકારના દ્રષ્ટિકોણથી મહિલા, આદિવાસી, દલીત જેવા શોષિત વર્ગના મુદે ફેસીલીટેશન સેન્ટર તરીકે જોડાવા બાબત સંસ્થાઓ સાથે વિચાર ગોષ્ઠી કરવામાં

આવી હતી. તેમજ ભારતીય પેરાલીગલ શિક્ષણ સંસ્થાનનું આગામી આયોજન કરવામાં આવ્યુ હતુ. ફેસીલીટેશન સેન્ટર પેરાલીગલ તૈયાર કરવાનુ તથા તેને તાલીમ આપી પરીક્ષા લઈ માન્યતા આપવાનુ કાર્ય હાથ ધરશે.

**પીએમઆઈસી મીટીંગ**

તા.૧૬/૭/૦૭ ના રોજ સ્વસહાય જુથના ક્રેડીટ લીંકેજ કાર્યક્રમની પ્રોજેકટ મોનીટરીંગ કમિટિની બેઠક મળી જેમાં ગત ત્રણ માસ દરમિયાન થયેલ કામગીરી તેમાં પડતી મુશ્કેલી બેંક સાથેના અનુભવો તેમજ આવતા ત્રણ માસનું આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી જેમાં નાબાર્ડના આસીસ્ટન્ટ જનરલ મેનેજર શ્રી કે.આર.સાલ્વે, એજીએમએસ ખાંભાના મેનેજર શ્રી એમ.આર મકાણી, બ્રાન્ચ ઈન્સપેકટર શ્રી બી.એલ.નસીત, એસ.બી.એસ ખાંભા મેનેજરશ્રી બી.એમ.જોષી તેમજ સંસ્થાના કાર્યકરો હાજર રહયા હતા. ત્રણ માસ દરમ્યાન અલગ અલગ બેંકની શાખાઓમા રજુ થયેલા સ્વ સહાય જુથના લોન કેસની સમીક્ષા કરવામા આવી હતી.

**પર્યાવરણ (કલીન)**

તા. ૨૫ થી ૨૭ જુલાઈના રોજ દીલ્હી ડેવલપમેન્ટ અલ્ટરનેટીવમાંથી પર્યાવરણ વિજ્ઞાની શ્રી રોમીત સેન અને શ્રી અર્પણ સકસેનાએ સંસ્થાની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન તેમણે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો તેમજ ભુતપુર્વ કલીન વિદ્યાર્થીઓ સાથે એક વર્કશોપ ગોઠવેલ હતો. કલીન કાર્યક્રમ સંસ્થામાં છેલ્લા પાંચ વર્ષથી ચલાવવામાં આવી રહયો છે. આ પાંચ વર્ષ દરમ્યાન સંસ્થાએ તેમજ કલીન વિદ્યાર્થીઓએ સમાજમાં પર્યાવરણ વિશે જાગૃતિ તેમજ એકશનમાં લાવવા માટે મહત્વનો ફાળો આપ્યો હતો. વર્ષવાર થયેલ કામગીરી વિગતો કોઓર્ડીનેટરશ્રીએ રજુ કરી હતી કે પાંચ વર્ષ દરમિયાન કરેલ મહેનત પાણીમાં ન જાય અને આગળ પણ આ કાર્યક્રમ શરૂ રાખવામાં આવે તો આગળ આપણે શુ કરી શકીએ એ બાબતે શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ વચ્ચે વિચાર વિમર્શ થયો હતો. ત્યાર બાદ દરેકના મંતવ્યો લેવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં ચીફ ઓફીસરશ્રી રાયગલ્લા ઉપસ્થિત રહયા હતા અને તેમણે પણ સુધરાઈને લગતા ગંદકીના અમુક નિયમોની જાણકારી આપી હતી. તેમજ આ વર્કશોપ દરમ્યાન તેમાં હાજર રહેલ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓના વ્યકિતગત ઈન્ટરવ્યુ દ્વારા કાર્યક્રમની ઉપયોગિતાની ચકાસણી આગામી રણનિતી તૈયાર કરવામા ઉપયોગી રહેશે.


તા. ૨૫ના રોજ બીજા દિવસે કાર્યક્રમ સાથે સંકળાયેલ દરેક શાળાની મુલાકાત લેવામાં આવી હતી. અને દરેક શાળામાં થયેલ પ્રવૃતિ વિશે માહીતી મેળવી હતી.

*સહકાર એ વિશ્વની સૌથી વધુ મુશ્કેલ, છતા સૌથી વધુ સુંદર કળા છે.*

તા. ૨૭/૭/૦૭ ના રોજ દીવ કલીન સેન્ટરની મુલાકાત કરવામાં આવી હતી. અને ત્યાં પણ કલીન શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીની મુલાકાત લીધી હતી.

**વોટર ફીલ્ટર**

કાર્યક્રમની એક પ્રવૃતિના ભાગરૂપે પાણીમાં રહેલ અશુધ્ધિની ચકાસણી વિદ્યાર્થીઓ પોતે જાતે કરે છે. તેમાં મુખ્યત્વે અશુધ્ધી સ્વરૂપે બેકટેરીયા અને ડોળાઈનું પ્રમાણ જોવા મળ્યુ છે. આવુ પાણી પીવાથી ધણા બધા રોગોનો ભોગ બનવુ પડે છે. તો આ માટે એક ઉપાય તરીકે અમરેલીની ચાર શાળાઓ અને એક જાહેર સ્થળે મોટા પ્રમાણમાં ફીલ્ટર થયેલુ શુધ્ધ પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આ વોટર ફીલ્ટરના પાણીની ચકાસણી બાદ તેમાં રહેલ અશુધ્ધિઓનું નિરાકરણ થયુ છે આમ તો ચોમાસા દરમિયાન પાણીમાં ડોળાઈ જોવા મળે જ છે. પરંતુ આ ફિલ્ટર થયેલ પાણીમાં સહેજ પણ ડોળાઈ કે બેકટેરીયા જોવા મળ્યા નહી જયારે તે જ સ્કુલની પાણીના અન્ય સ્ત્રોતમાંથી પાણી લઈ ચકાસણી કરતા તેમાં ઉપરોકત બન્ને અશુધ્ધિઓ જોવા મળી હતી.




**પેપર રીસાયકલ**

પર્યાવરણ રક્ષણની મુખ્ય બાબત વૃક્ષોનુ જતન. આ બાબતને ધ્યાને લઈ કાગળના ફરીથી ઉપયોગ અર્થે શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રમા રિસાયકલ પેપર યુનિટ ઓગષ્ટ ૨૦૦૭ થી શરૂ કરવામા આવશે. જેમા વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સંસ્થાના કાર્યકરોની તાલીમ કરવામા આવશે.



*શાંતી માટેનો કોઈ માર્ગ નથી, શાંતી એ જ માર્ગ છે.*

## ન્યાય સમિતિ એક વિહંગાવલોકન

આપણા પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓને દીન અને પુરૂષોને વધારે મહત્વ અપાય છે. આ વ્યવસ્થામાં દીકરીને મા–બાપનું ઘર છોડી સાસરે જવાનુ હોય છે. જયાં તે પારકા ઘરની ગણાય છે. જેથી તેના પર અવનવી હિંસા થતી રહે છે. જેમાં દહેજ, પુત્ર ન હોવાને ઘરના લોકો તથા પતિની વાત ન માનતા વગેરે ઘણી જાતના દબાણો, મારકુટ, મેણાટોણા ધ્વારા શારીરીક, માનસીક ત્રાસ આપવામાં આવે છે. આવા ત્રાસ સામે જો સ્ત્રી સામે અવાજ ઉઠાવે તો તે પિયર મોકલી આપે છે. અને કુટુંબમાં ભંગાણ થાય છે અને સ્ત્રી ભાંગી પડે છે.

આવા બનાવો વખતે તેને કોઈ હુંફ કે માર્ગદર્શન આપનાર હોતુ નથી જ્ઞાતિપંચના આગેવાનો તથા બંને પક્ષના વકીલો દ્વારા સમાધાન કરીને સ્ત્રીને વારંવાર સાસરે મોકલાય છે. પરંતુ તેમાં સ્ત્રીની સલામતીની કોઈ વાત હોતી નથી. સમાજની માન્યતા પ્રમાણે પિયર પણ કહે દીકરી તો સાસરેજ શોભા અને કયાથી હુંફ ન મળતા છેલ્લે સ્ત્રીને આત્મહત્યાનો વારો આવે છે. જેને લઈ કુટુંબ બાળકો વેરવિખર થઈ જાય છે.

ઉપરની બાબતો માટે સરકારે સ્ત્રીઓ માટે ઘણા કાયદા બનાવ્યા છે. કોર્ટ છે. પરંતુ તેને માર્ગદર્શન, હુંફ, ટેકો, સહકાર કોણ આપે? આ બધી બાબતો સ્ત્રી અત્યાચારોની વાતો સંસ્થાએ ગામડાની બહેનો સાથે કાર્ય કરતા અનુભવી અને સૌરાષ્ટ્ર કચ્છ ગૃપ ઓફ એજન્સી સાથે જોડાય સામાજીક સર્વે થયો.

સંસ્થાને ધ્યાને આવ્યુ કે આવા હિંસાના બનાવ વખતે સ્ત્રીને માર્ગદર્શન આપી સહાય કરવી જોઈએ.

જેમાં પ્રથમ તેનું કાઉન્સેલીંગ કરી તેમને હક મળે તેવા પ્રયત્નો કરવા જેમાં બંને પક્ષને સાંભળવા અને બને તો કુટુંબને ભાંગતુ બચાવવુ જેમાં સ્ત્રીને પુર્ણ રીતે સુરક્ષીત અને તેની પડખે છીએ તેવો અહેસાસ બનાવવો.

આમ, આ બધી પ્રક્રિયા માટે ખાંભા તાલુકાના સ્વ–સહાય જુથના કોઠા સુઝ ધરાવતા આગેવાન ૭ બહેનો સાથે ઉપરોકત બાબતોની ચર્ચા કરી અને મહીલા ન્યાય સમિતિ બનાવવાનું નકકી કરવામાં આવ્યુ. અને તા.૧ એપ્રિલ ૨૦૦૫ માં મહીલા ન્યાય સમિતિ બની.

બહેનો દ્વારા એક ન્યાયનું માળખુ ઉભુ થાય અને બહેનોને સાચો ન્યાય મળે તે સંદર્ભે

*પરસ્પરના શોષણને બદલે પરસ્પરનું પોષણ કરીએ.*

ન્યાય સમિતિની રચના થઈ. અત્યાર સુધી જ્ઞાતિપંચોમાં મોટે ભાગે પુરૂષો હતા. જેથી બહેનોને યોગ્ય ન્યાય મળતો ન હતો.

## ન્યાય સમિતિના ઉદેશ્યો

ન્યાય સમિતિમાં બહેનો દ્વારા જ બહેનોના પ્રશ્નોનું નિરાકર થાય.

મહીલા દ્રૃષ્ટિકોણ સાથે બહેનોને ન્યાય મળે.

હિંસાનો ભોગ બનનાર બહેન બહેનોની સામે પોતાના પ્રશ્નો રજુ કરી શકે.

ઓછા ખર્ચે અને ઝડપી ન્યાય મળી શકે.

## બહેનોની પસંદગી અને માપદંડ

જે બહેન પોતાના જીવનમાં સંઘર્ષ કરી બહાર આવી હોય.

સ્ત્રી હિંસાના મુદ્દે સંવેદનશીલ હોય.

બહેનોના કાર્યમાં સંપુર્ણ રસ ધરાવતા હોય.

સામાજીક મુદાને પડકારી શકે.

સમય આપી શકે, બહાર નીકળી શકે.

લખી શકે. વાંચી શકે, અને પોલીસ અને કોર્ટમાં જવાબ આપી શકે.

## ક્ષમતાવર્ધન

ન્યાય સમિતિની રચના થયા બાદ આ ૭ બહેનોને ન્યાય સમિતિનું માળખુ, હિંસાના પ્રકારો, સ્ત્રી દ્રષ્ટિકોણ કોર્ટ પોલીસના માળખા, સ્ત્રીઓના કાયદાઓ, રેકોર્ડ કીપીંગ, કેસનું વિશ્લેષણ, પત્રવ્યવહાર, બહેનોની જવાબદારી, કાઉન્સેલીંગની ૧૩ દિવસ કોબા અમદાવાદ ખાતે તથા ૫ દિવસ ગોપનાથ ખાતે તથા ૫ દિવસ નાની દેવતી મુકામે તાલીમ આપી સક્ષમ કરવામાં આવી.

## ન્યાય સમિતિમાં આવેલ પ્રશ્નો

અત્યાર સુધીમાં ન્યાય સમિતિમાં ૪૮ કેસો નોંધાયેલા છે. જેમાંથી ૧૮ કેસના સમાધાન,૩ કેસમાં બાળકનો કબજો બહેનને પરત અપાવેલ છે.

૪ કેસમાં દહેજ પરત મેળવેલ છે.

૧૫ કેસમાં છુટાછેડા માટે પ્રયત્નો શરૂ છે.

૧ બળાત્કારીને સજા અપાવેલ છે.

૧ વિધવા બહેનના પુનઃ લગ્ન કરાવવામાં ન્યાય સમિતિએ સફળતા મેળવી છે.

ન્યાય સમિતિ ધ્વારા લઘુતમ ફી લઈ બહેનોને ૨ વર્ષમાં જે ન્યાય અપાવેલ તેની વાતો એકબીજા અરજદારો ધ્વારા લોકોમાં થાય છે તથા ઝડપી ઉકેલ આવે છે. બંને પક્ષનું લખાણ કરી બહેનોનો આત્મવિશ્વાસમાં વધારો કરવામાં આવે છે. જેથી ૨ વર્ષમાં ૪૮ પ્રશ્નો ન્યાય સમિતિ સુધી આવ્યા છે.


આમ, આ એક સફળ પ્રયોગ તરીકે ન્યાય સમિતીને જોવામા આવી રહી છે.

*બીજાના નયનોમાંથી દુઃખ બિંદુ પાડતા, પોતે પાછળથી પોકે પોકે રડવુ પડે છે.*

## બાળ મનને સમજીએ



વારેવારે એને બીજાના દાખલા આપી કહેવામાં આવે છે કે જો ને પેલો રમાબહેનનો બાબો તો કેવો હોશીયાર છે હમેંશા પહેલો બીજો નંબર જ લાવે છે. તારામાં તો કાંઈ આવડત નથી. ભાઈ સાહેબે કોઈ દિવસ દશની અંદરનો નંબર નથી દેખ્યો, લોકોના છોકરા તો કેવા હોશીયાર હોય છે જયાં જાય ત્યાં કેવા પોતાનો માર્ગ કરી લે છે ? તુ તો સાવ બુધ્ધુ જ છે. તારામાં કાંઈ



નથી નમાલાની જેમ વારે વારે રડવા બેસે છે. આવા દાખલા આપવાથી બાળક એક પ્રકારનો ક્ષોભ અને સંકોચ અનુભવે છે. અને શરમિંદુ બની સ્વાભાવિકપણે ખીલી શકતુ નથી. આત્મશ્રધ્ધા ગુમાવી દે છે.

(સૌજન્ય–બાળ વિકાસ અને શિક્ષણ)

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org
Website: http://www.sskkamreli.org

*સાચુ હોય તે કરો, પછી નિર્ભય બની ફરો.*